23/93

રૂપાંતરીત ગ્રામ/નગર પંચાયતના એલોકેટેડ
કર્મચારીઓને જિલ્લા/તાલુકા પંચાયતના
કર્મચારીઓને આપવામાં આવતા નોકરીના
લાભો આપવા બાબત......

ગુજરાત સરકાર
પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ નપમ-૧૦૮૫-૮૫૮-ક.૧
સચિવાલય ગાંધીનગર
તારીખ : ૩-૧-૧૯૮૬.

6 JAN 1986

વંચાણે લીધા :-
----------

૧: પં.ગૃ.નિ.અને શ.વિ.વિ.નો તા.૨૪-૬-૮૩નો ઠ.ક્ર:નપમ-૧૦૮૩-૫૧૦-ક.૧
૨: પં.વિ.નો તા.૭-૧૦-૮૩નો ઠ.ક્ર:નપમ-૧૦૮૩-૧૩૩૦-ક.૧
૩: પં.વિ.નો તા.૨૫-૧૦-૮૩ના ઠ.ક્ર:નપમ-૧૦૮૩-૧૭૨૫-ક.૧
૪: પં.વિ.નો તા.૨૮-૧૦-૮૩નો ઠ.ક્ર:નપમ-૧૦૮૩-૧૩૩૪-ક.૧
૫: પં.વિ.નો તા.૩-૧૧-૮૩નો ઠ.ક્ર:નપમ-૧૦૮૩-૧૩૭૭-ક.૧
૬: પં.વિ.નો તા.૨૭-૧૨-૮૩નો ઠ.ક્ર:નપમ-૧૦૮૩-૨૨૬૮-ક.૧
૭: પં.અને ગ્રા.ગૃ.નિ.વિ.નો તા.૧૮-૫-૮૪નો ઠ.ક્ર:નપમ-૧૦૮૩-૧૫૪૫-ક.૧

ઠ રા વ
××××××

નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાના આધારે આમુખમાં જણાવેલા આ વિભાગના ઠરાવો અન્વયે સરકારના તથા જિલ્લા/તાલુકા પંચાયતોના કર્મચારીઓને મળતા જુદા જુદા લાભો અગાઉની સુધરાઈમાંથી રુપાંતરીત પામેલ ગ્રામ/નગર પંચાયતના એલોકેટેડ કર્મચારીઓને તા.૧૧-૨-૬૯થી આપવામાં આવેલા છે.

૨. આ બાબતમાં વિશેષમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે સેવાને લગતા જે લાભો જિલ્લા અને તાલુકા પંચાયતોના કર્મચારીઓને મળતા હશે તે તમામ લાભો જુની સુધરાઈના કર્મચારીઓને મળી શકશે અને તે માટે કોઈ અલાયદા હુકમોની આવશ્યકતા રહેશે નહી.

૩.આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણાં વિભાગની તારીખ : ૨૧-૯-૮૫ તથા સામાન્ય વહીવટ વિભાગની તા. ૧૦-૧૨-૮૫ની સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

રમણ આર્ય
સેકશન અધિકારી
પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગ

પ્રતિ,
-એકાઉન્ટન્ટ જનરલ, ગુ.રા., અમદાવાદ/રાજકોટ
-વિકાસ કમીશ્નરશ્રી, ગુ.રા., ગાંધીનગર
-નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા., અમદાવાદ.
-નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી/ સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી
-સરપંચશ્રી/ અધ્યક્ષશ્રી ગ્રામ/નગર પંચાયત મુ. જિલ્લો :
-સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ
-પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગની સર્વે શાખાઓ.
-સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
-સીલેક્ટ ફાઈલ.